# <u>પ્રેસનોટ</u>

## <u>હજ ૨૦૨૭</u>

## હજ ૨૦૨૭ માટે અરજી કરવા ઈચ્છુક અરજદારોએ પાસપોર્ટ તૈયાર રાખવા ગુજરાત રાજ્ય હજ સમિતિની અપીલ

હજ કમીટી ઓફ ઈન્ડિયા, મુંબઈ દ્વારા આગામી સમયમાં 'હજ ૨૦૨૭' માટેના સત્તાવાર એપ્લીકેશન ફોર્મ ભરવા અંગેની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવનાર છે. આ સંદર્ભે ગુજરાત રાજ્ય હજ સમિતિ દ્વારા રાજ્યના તમામ ઈચ્છુક હજ અરજદારોને આગોતરા આયોજનના ભાગરૂપે પાસપોર્ટ તૈયાર રાખવા અનુરોધ કરવામાં આવે છે.

1. **નવો પાસપોર્ટ કઢાવવા બાબત:** જે હજ અરજદારો હજ ૨૦૨૭ માં જવા ઈચ્છુક હોય અને તેમની પાસે હાલમાં પાસપોર્ટ ન હોય, કે હાલની સ્થિતિએ(તા. ૦૨-૦૬-૨૦૨૬) એક્સપાયર્ડ થઈ ગયેલ હોય તેઓએ વહેલી તકે નવો પાસપોર્ટ કઢાવી લેવો.
2. **પાસપોર્ટ રીન્યુ કરાવવા બાબત:** જે અરજદારો પાસે પાસપોર્ટ ઉપલબ્ધ છે, પરંતુ તેની વેલીડીટી (માન્યતા) આગામી **<u>તા. ૩૧-૧૨-૨૦૨૭ સુધીની નથી</u>** તેઓએ પણ નિયમોનુસાર પોતાનો પાસપોર્ટ તાત્કાલિક રીન્યુ કરાવી લેવો હિતાવહ છે. અન્યથા હજ અરજદાર હજ સમિતિ મારફત ફોર્મ ભરી શકશે નહી. તેમજ તે અંગે ગુજરાત રાજ્ય હજ સમિતિની કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.
3. પાસપોર્ટ મશીન રીડેબલ હોવો જોઈએ તથા અટક/છેલ્લું નામ (Surname/Last Name) ની જગ્યા ખાલી છોડેલ હોવી જોઈએ નહીં.

હજ અરજી ફોર્મ શરૂ થતી વખતે કોઈ પણ અરજદાર પાસપોર્ટના કારણે વંચિત ન રહી જાય તે માટે આ આગોતરી તૈયારી કરવા ગુજરાત રાજ્ય હજ સમિતિ, સચિવાલય, ગાંધીનગર દ્વારા ઈચ્છુક હજ અરજદારોને જણાવામાં આવે છે.

---

ક્રમાંક:હજસ-૧૦૨૦૨૬-૦૨૦૬-હ.સ.
ગુજરાત રાજય હજ સમિતિ,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
૦૨-૦૬-૨૦૨૬

(મો. તલ્હા એમ. સૈયદ)
સેકશન અધિકારી,
ગુજરાત રાજય હજ સમિતિ

નકલ રવાના -

- તમામ પ્રીન્ટ અને ઈલેક્ટ્રોનીક મીડીયા,
- એડિટરશ્રી, ગુજરાત ટૂડે, શાહઆલમ, અમદાવાદ